
૧૫૦ મી વર્ષગાંઠ
આવૃત્તિ

150th
YEAR OF CHAVARUL



# એક પ્રેમાળ પિતાનું વસિયતનામું

સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરા

# એક પ્રેમાળ પિતાનું વસિયતનામું

## સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરા

# એક પ્રેમાળ પિતાનું વસિયતનામું

## સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરા

**2018**
**Chavara Central Secretariat**
Chavara Hills, Kakkanad, Post Box 3105
Kochi 682 030 Kerala, India

**એક પ્રેમાળ પિતાનું વસિયતનામ**
*Testament of a Loving Father* (1868)
Original in Malayalam: *Oru Nalla Appante Chavarul*

**Author**
**Saint Kuriakose Elias Chavara**

Gujarati Translation
Joseph Karikkatt CMI
Lataben Makwana

*Publisher*
Chavara Central Secretariat
Chavara Hills, Kochi

150th Year Revised and Updated Edition
© **2018** Chavara Central Secretariat

Cover Design: Printartz, Kochi
Layout: CCS, Kakkanad
Printing: Viani Press, Kochi

**Chavara Central Secretariat**
Chavara Hills, Kakkanad, Post Box 3105
Kochi 682 030 Kerala, India

# અનુક્રમણિકા


| | |
|---|---|
| સમર્પણ | 7 |
| પ્રસ્તાવના | 9 |
| ભાગ ૧ | 10 |
| પરિવારના નિયમો | 10 |
| પ્રેમ | 10 |
| વિનમ્રતા | 13 |
| પારસ્પરિક વ્યવહાર | 14 |
| પરિશ્રમશીલતા | 16 |
| પરોપકાર | 18 |
| ન્યાયશીલતા | 19 |
| ઈશ્વરડર અને પ્રભુભક્તિ | 21 |
| ક્ષમાશીલ | 23 |
| સારા પુસ્તકો | 24 |
| પ્રભુભક્તિના અનિવાર્ય દિવસોનું આચરણ | 25 |
| દિનચર્યા | 26 |
| વિભાગ ૨ | 28 |
| બાળકોનું ભરણપોષણ | 28 |
| સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરાનું સંક્ષિપ્ત જીવનદર્શન | 36 |
| સંત કુરિયાકોસને પરિવાર માટેની મધ્યસ્થી પ્રાર્થના | 40 |
| સંત કુરિયાકોસ ઈલિયાસના જીવનનાં મુખ્ય પ્રસંગો અને પથદર્શક સેવાઓ | 42 |

# સમર્પણ

વ્હાલા પ્રિયજનો,
હું શારીરિક તથા ભૌતિક સંબંધથી ચેન્નંકરીપલ્લી ધર્મ વિભાગના (Parish) ચાવરા કુરિયાકોસના પુત્ર છું. ઈશ્વરની કૃપાથી આ પૃથ્વી પર મારુ પણ સર્જન થયું. આ પરિવારના પૂર્વજો થકી મારો જન્મ થવાથી મારા સગા જેવા તમારુ ન્યાય અને પ્રેમથી ભલુ કરવુ એ મારુ વિશેષ કર્તવ્ય છે. અહીં ધર્મ વિભાગના લોકોની જેમ તમારા માટે વિશેષ તો મે કંઈ નથી કર્યુ. તેથી મારા હાથે આ પત્ર હું તમને આપું છું. હું મૃત્યુ પામુ તો પણ આ આગળનું મત્યુ નહિ થાય. હું મારી અમાનતરૂપે આ કૈનકરીના ધર્મ વિભાગના લોકોની સંભાળ રાખવા આપું છું.

મારું કુળ, મારા સગાં એમ બંને રીતે મારા સંતાન એવા તમારા માટે આ મારુ વસિયતનામું અંતિમ આદેશ છે. તમે મારા ઉત્તરાધિકારી છો તેવું બતાવવા માટેનું આ ચિહ્ન છે. તમારા માટેવરસેલી ઈશ્વરની કૃપા તેમજ આવી રહેલી અન્ય અગણિત કૃપા તમારા કાર્ય–પ્રવૃતિને કારણે નહિ પરંતુ આ સંસારમાંથી નિર્વાણ પામેલ તમારા પૂર્વજોનો સાચો પ્રેમ અને ઈશ્વર પરનો વિશ્વાસ નિમિત્ત છે. આ નષ્ટ ન થાય તેની કાળજી રાખજો. હું આ સંસારમાં આવ્યો હતો એની યાદરૂપે આ લખીને

તમારા ઘરની પ્રાર્થના ભવનની પેટીમાં રાખજો. મહિનાનાં પહેલા શનિવારે સર્વો સાથે મળીને વાંચજો. જેથી મારો મૃત્યુદિન યાદ રહેશે. બાકી મારી કોઈ યાદ તમારે રાખવાની નથી. દર મહિને આ વાચી– "હે પ્રભુ, ર્ધમી ઓ માટે તૈયાર કરેલા સ્ર્વગીય ભવનમાં આ દિક્ષિતનાં આત્માનો સ્વીકાર કરો." તમારાવતી મારી આટલી વિનંતી કરવા હું આગ્રહ રાખું છું.

# પ્રસ્તાવના

એક સારું ખ્રિસ્તી કુટુંબ સ્વર્ગરાજ્ય બરાબર છે. કુટુંબનો ન્યાય આ છે—રકત અને પ્રેમથીપરસ્પર બંધાયેલા જુદા—જુદા લોકો, વડીલો તરફ પ્રેમ અને આદર હોય, ઈશ્વર અને માનવી વચ્ચે શાંતિપૂર્વક ચાલતા હોય, દરેક વ્યકિત જીવવની પરિસ્થિતિ અનુસાર અનંત જીવન પ્રાપ્ત કરવાના પ્રયત્નથી ભેગા મળી જીવતા હોય. આ દુઃખી સંસારમાં દરેક મુશ્કેલીઓ અને સમસ્યાઓમા વધારે માધુય ભરી શાંતિ અને સાંત્વના મળે તેવા પ્રેમ તેમજ વ્યવસ્થિત હોય તેવાકુટુંબમાં જીવતાં હોય આ જ રીતે શાંતિ તથા વ્યવસ્થા ન હોય, ઈશ્વરીય ભકિત, મુકિતમાં થોડી પણ કાળજી રાખ્યા વિના જીવતાં કુટુંબમાં જીવવું એકદમ દુઃખદછે. આવા અવ્યવસ્થિત પરિવારો કેટલાય દુઃખો ને આંસુઓના પરિણામ બન્યા છે. જેને કારણે પ્રસિધ્ધિ ધરાવતા, માન — મોભો ધરાવતા સંપન્ન કેટલાય પરિવારો નાશ પામ્યા છે. તેમજ કેટલાય ઝઘડાઓ, કેટલાય પાપો, કેટલાય અનિષ્ટોથી મત્યુ પામ્યા છે. આમ, પાપ અને અનિષ્ટ ન થાય તેવી તીવ્ર ઈચ્છા અને પ્રભુકૃપાની યાચનાથી આ પરિવાર વ્યવસ્થા કે કુટુંબ નિયમ વિશે લખું છું. મારો આગ્રહ છે કે આપના પૂર્વજોના મુખેથી સ્ફૂરિત આ ઉપદેશને આદેશના સ્વરૂપે અપનાવી તેનું અનુસરણ કરો.

# ભાગ ૧
# પરિવારના નિયમો

## પ્રેમ

૧. તમે એકબીજાને પ્રેમ કરો, એકબીજાની ખામીઓ અને ભૂલો પરસ્પર ક્ષમા કરો. આ પ્રમાણે કરો તો આ પૃથ્વી પર અને પરલોકમાં તમે શાશ્વત જીવન અને શાંતિ અનુભવી શકશો. એક જ પરિવારના ભાઈઓ અનેસ્ત્રીઓ પરસ્પર ઝઘડે, પ્રેમ વિના રહે અને એકબીજાસાથે બોલે નહિ તે કેટલી દુ:ખદાયક બાબત છે. જે રાજયમાં ફૂટ પડે તે રાજય ટકી શકે નહિ એમ આપણા પ્રભુએ આપણને કહેલું. આ પ્રમાણે જે પરિવારમાં કલહ–કંકાસ હોય તે જલ્દી નષ્ટ પામે. તમારી ક્ષતિઓ પરસ્પર ક્ષમા ન કરો, તો બીજા કેવી રીતે ક્ષમા આપશે. આવતીકાલે બીજાઓથી તમારો અપરાધ માફ કરાવવો હોય તો શું આજે તમારે બીજાઓના અપરાધોને ક્ષમા બક્ષવી ન જોઈએ? કોઈ અપરાધ જ ન કર્યો હોય તેવા લોકોને તમે પ્રેમ કરોતો બીજા અજ્ઞાનીઓ પણ આજ રીતે વર્તશે. અહી તમે શું વિશેષકયુ? આદિ પિતા આદમથી આપણને

મળેલ પીડામાં આપણી જાતે વધારો શા માટે કરવો. એક–બીજા સાથે કલહ કરનારનું જીવન

દુર્ભાગ્યપૂર્ણ છે. એકવખત એક ઘરડી સ્ત્રી પરિવારમાં ઝઘડાનું નિમિત્ત બને છે ત્યારે શેતાન તેની સમક્ષ હાજર થઈ તે એને ઘરડી સ્ત્રીને સોનાની પોટલી આપતા કહયુ –"હું ત્રણ વર્ષથી આ માટે પ્રયત્નશીલ હતો. જે મારાથી ન થઈ શકયું તે તમે ત્રણ દિવસમાં અમલમાં લાવી દીધું. આથી હું તમને મારા સલાહકાર યોગ્ય ગણું છું.આમ, તે ઘરડી સ્ત્રીને નર્કમાં લઈ જાય છે.

એક ખાનદાન પરિવારની શોભા, પ્રતિષ્ઠા અને ગૌરવ કોઈપણ પ્રકારના ઝઘડા વિના પરસ્પર પ્રેમ અને શાંતિથી રહે તેમાં છે. શત્રુઓ પર વેર કરવાની શકિત તો પ્રાણીઓમાં પણ છે, પરંતુ તેનાથી ઉપર ક્ષમા કરવાની શકિત માત્રને માત્ર ભલા અને સજજન માનવોમાં જ હોય છે. એકવખત જયારે કોનસ્ટેટિયનના સમ્રાટ તેમના રાજદરબારીઓ સાથે જતા હતા ત્યારે રસ્તા પર કોઈકે તેના ગાલ પર તમાચો માર્યો. રાજદરબારીઓએ રાજાને કહયું–' તેને મૃત્યુદંડ આપવો જોઈએ.' આ સમયે રાજાએ પ્રત્યુતર આપ્યો કે 'મારા અતિ નાના દરબારીઓ કરી શકે તે શું હું કરુ યોગ્ય કહેવાય? હું આપને ક્ષમા આપુ છું જે મારી મહાશકિતની ઓળખ છે.

૨. કોર્ટ – કચેરી અને સરકારી વ્યવહાર પરિવારને વિનાશ તરફ લઈ જાય છે. ગમે તેટલા ન્યાયી બનાવ હોય તો પણ કોર્ટમાં કે સરકારી કચેરીમાં ન જાય તે વધારે સારું. છેવટે એવું કહેવામાં આવે છે કે કોર્ટ કે સરકારી કાર્યવાહીમાં કોઈને પણ ક્યારેય સંતોષ કે ફાયદો થયો હોય એવું બન્યું નથી.

૩. રવિવાર તથા અન્ય ફરજિયાત પ્રભુલીન દિવસોમાં પારિવારિક પ્રસંગો ઉજવવા એ આત્માના વિનાશ માટેનું નિમિત્ત છે. જે પ્રભુનો દિવસ છે તેને શેતાનનો દિવસ ન બનાવો. આ જ રીતે પરિવારમાં કોઈનું મત્યુ થાય તો ઘરના અન્ય સભ્યો આત્મીય કાર્ય છોડી દેવળમાં ન જાય તે પણ પ્રભુ કે ધર્મસભાના નિયમભંગનું જ આચરણ કહેવાય.

૪. અનિવાર્ય કાર્ય સિવાય કોઈપણ સંજોગોમાં કરજ ન કરવું. જો પહેલા ઉધાર લીધું હોય તો વહેલી તકે તે પરત કરવા પ્રયત્ન કરજો. પ્રેમ અને સદભાવના વગર કોઈને ઉધાર આપશો નહિ. ધનિક પરિવાર એટલે લેણું ન હોય તેવો પરિવાર. પૂર્વજો દ્વારા કંઈક પૂજાપાઠ કે અન્ય કરજ બાકી હોય તો તે તત્પરતાથી આપી દેજો કારણ કે ઘણીવખત પરિવાર ઉપર તે પ્રભુના પ્રકોપનું નિમિત્ત બને છે.

## વિનમ્રતા

૫. પોતાની સંપતિ અને શકિતનો દેખાવ ન કરો. સંસારની દેખીતી વાત છે કે સંપતિનો ખોટો દેખાવ કરવાથી જલ્દી ભિખારી થવાની શકયતા વધી જાય છે. એક વખત રાજા ડેવિડે પોતાની શકિત અને મહિમાના ફેલાવા માટે અહંકાર સાથે જનગણના કરવાની આજ્ઞા આપી આ અવસરે પ્રભુપ્રકોપરૂપે સમગ્ર રાજયમાં મહામારી ફેલાઈ ગઈ.

૬. પરિવાર કે અન્ય સામાજિક પ્રસંગોમાં આપણી ક્ષમતા બહાર કોઈપણ પ્રકારનો વધારે પડતો ખર્ચ ન કરવો જોઈએ. કારણ કે દરવખતે આ રીતનો ખર્ચ શકય ન પણ બને. ઝડપથી પ્રકાશતા વીજળીના ચમકારા કરતા આખી રાત ટમટમતો દીવો વધુ સારો. એક દિવસ દાર્શનિક એવા ડેમોક્રિટસ શાસ્ત્રીને એક વ્યકિતએ પ્રશ્ન પૂછયો કે' માનવોમાં સૌથી મહાન અને મુખ્ય કોણ? સામેથી જવાબ મળ્યો કે જે પોતાની જાતને સૌથી નાની બતાવતા હોય તે. એક સમયનો ધનવાન વ્યકિત લગ્નપ્રસંગ તથા અન્ય સામાજિક પ્રસંગોમાં ખોટા ખર્ચ કરી સમય જતા કંગાળ બનેલ, એવા દુઃખી માણસને જોઈ કોઈ એક દાર્શનિકે કહયું કે–'

ભાઈ, તે જો દિવસે દિવો પ્રગટાવી તેનો વ્યય કર્યો ન હોત તો તું રાત્રે દીવાનો ઉપયોગ કરી શક્યો હોત.'એટલે કે ખર્ચ પર નિયંત્રણ રાખ્યું હોત તો માઠા દિવસો જોવા ન પડત.

## પારસ્પરિક વ્યવહાર

૭. પારકાના ઘરે કારણ વિના આવ જા કે અન્યની બિનજરૂરી માહિતીની તપાસ ન કરવી જોઈએ. પોતાના જ કાર્યો માં વ્યવસ્થિત અને રચ્યાપચ્યા રહેવું જેથી બીજાના કામમાં દખલગીરી કરવાનો સમય જ ન મળે.

૮. અવ્યવસ્થિત અને પ્રભુભક્તિ વિહિન પરિવાર સાથે સંબંધ રાખવો જોઈએ નહિ કારણ કે પરિવારની ભલાઈ કાંઈ સંપન્ન પરિવાર સાથેના સંબંધથી નથી કિન્તુ ઈશ્વર કૃપા તેમજ ભક્તિપૂર્ણ કુટુંબ સાથેના સંબંધથી છે. અગણિત એવા કુટુંબો છે કે જે ધનિક પરિવાર સાથેના સંબંધને કારણે આંસુ સારે છે અથવા તો પોતાનો વિનાશ નોતરેલ છે.

ફ્રાન્સ દેશના કોઈ એક પિતાને એકનો એક દીકરો હતો.તેઓએ દીકરાની પોતાની પરિસ્થિતિ વિરુધ્ધ એક કરોડપતિની દીકરી સાથે લગ્ન કરાવવા પ્રયાસ કર્યો. અંતે વારસાગત સંપતિ તે

દીકરાના નામે કરવાની શરતે લગ્ન થયાં. થોડાં સમયગાળા બાદ નવોઢા વરવધૂના વડીલો વચ્ચે દીકરાના અવગુણોને લઈ ઝઘડાઓ થવા લાગ્યાં, અને પરિણામે દીકરાને ઘરમાંથી હાંકી કાઢવામાં આવ્યો જેથી તે બીજાને ત્યાં પ્રસંગોપાત હાથ લંબાવી ભીખ માંગવા મજબૂર થયો.

૯. પ્રભુમય અને સજજન વ્યકિતઓને જ પોતાના ઘરે આવકાર આપવો. દરેક પ્રકારના લોકોને પ્રવેશવાનો અવકાશ ન આપવો. એક જૂની કહેવત છે કે," તમારા મિત્રો કોણ છે તે મને કહો, તમે કેવા છો તે હું તમને કહીશ."

૧૦. તમારા ઘરે અસભ્ય વાતચીત, ખ્રિસ્તીઓને અયોગ્ય એવા સંવાદો કે બીજાઓની ખામીઓ – ત્રુટીઓ વિશે ચર્ચા કરવી તમને શોભતું નથી. અન્યની ટિકા – ટિપ્પણી કરવાનું આ ઘર નથી એમ બીજા સમજે એ રીતે જ વર્તો.બીજાઓની ખામીઓ કે દોષો વિશે તમારા ઘરમાં જયારે વાતો થાય છે ત્યારે એ જ ખામી કે દોષ તમારામાં પેસી જાય છે. એક વ્યકિત હંમેશા અન્યના દોષો વિશે જ વિચારતો હતો. અન્યની ત્રુટીઓ જ બોલતો હતો જે અંતે પાગલ થઈ ગયો અને પોતાના જ દાંત વડે જીભને કરડીને દુર્ભાગ્યપૂર્ણ મત્યુને પામ્યો.

## પરિશ્રમશીલતા

૧૧. હંમેશા નવી નવી સુવિધાઓની રચના કરવાને બદલે જે તમારી પાસે છે તેનો જ સદુપયોગ કરવા પ્રયત્નશીલ બનો. કુટુંબની સાચી સંપત્તિ વસ્તુઓની ગણના નથી પરંતુ તેની ગુણવત્તા છે. પરિશ્રમી વ્યકિત પોતાની થોડી–ઘણી સંપત્તિ વચ્ચે પણ ખૂબ જ ખુશખુશાલ રહેતાં હોય છે. આ સમયે ઈર્ષાળુ લોકો તેને કંઈક ખજાનો મળી ગયો છે. અને તે છૂપાવીને રાખ્યો છે.એમ કહી પોલીસ સ્ટેશને તેનો વિરુધ્ધ કેસ નોંધાવે છે. તેની બધી જ સંપતિનો હિસાબ રજૂ કરવા રાજા આદેશ કરે છે. પરંતુ તે જમીન પોતાની છે જયાં તે પોતાનો પરસેવો પાડી સોનું પકવે છે. આમ કહી તે ગર્વભેર પરત ફરે છે.

૧૨. તમે તમારી અવસ્થા મુજબ કામ કરો. કામ ન કરવું એ કાંઈ સજજનને શોભતું નથી. કામ ન કરવાની આદત તો જેને ઘર–પરિવાર કે બાલ–બચ્ચાં ન હોય તેની છે. આળસ એ સર્વદુર્ગુણોની જનેતા છે. જે દારૂ પીવાથી પણ આવે છે. આમ, દારૂ પીવો એ દુનીયામાં શરમજનક તથા પ્રભુ આગળ અપરાધ ગણાય છે. રોમદેશનાં એક અધિકારીએ રોમનગરમાં રહેવા ઈચ્છુક દરેકે 'કામતો કરવું જ' એવો આદેશ જાહેર કર્યો જેનાં અમલરૂપે જે

કામ કરતા હો તે પ્રમાણેની હથેળીમાં છાપ દેખાવી જોઈએ. આ સાથે દરેક પોતાના વ્યવસાયને લગતાં ઓજારો લઈને બહાર ચાલતા હોવા જોઈએ તેવી પણ જાહેરત કરી.

૧૩. વ્યાપાર—વાણીજય ફકત આત્મા માટે જ નહિ પરંતુ સંપત્તિના જતન માટે પણ જોખમી છે. બીજા કોઈ વ્યવસાયથી જીવન જરૂરી ગુજરાન ન થઈ શકે તેમ હોય તો લે—વેચનો વ્યવસાય કરવામાં અડચણ નથી. જો કે આ વ્યાપાર ખૂબ જ સાવધાની તથા સુક્ષ્મતાથી કરવો જોઈએ. વ્યાપારમાં ન્યાય ન આચનાર વ્યાપારી પ્રગતિ કરી શકતો નથી. છળ —કપટથી એકઠું કરેલું ધન બરફની જેમ પીગળ ી જાય છે.

બે વ્યાપારીઓ હતાં. તેઓ વિવિધ ચાલાકી તથા કૂટનીતિના પ્રયોગથી જયારે વ્યાપારમાં કોઈપણ જાતની પ્રગતિ ન કરી શકયા ત્યારે એક દિવસ બંને વ્યાપારીઓ પ્રાયશ્ચિત સંસ્કાર માટે પુરોહિત પાસે ગયાં અને આપવીતી કહી પુરોહિતે તેઓને હવે પછી કોઈપણ પ્રકારની કૂટનીતિ કે જૂઠું ન બોલવું વગેરે સદ્દુપદેશ આપ્યાં. પુરોહિતના કહેવા મુજબ નિષ્ઠા સાથે વ્યાપાર કરતા તેઓ એક જ વર્ષમાં ઈશ્વર કૃપાથી પ્રગતિ સાધી શકયા.

## પરોપકાર

૧૪. બીજાઓ પર ઉપકાર ન કર્યો હોય એવો એકપણ દિવસ તમારાં જીવનપુસ્તકમાં નોંધાવવો ન જોઈએ. બીજાઓ તમારાથી ડરે તેના બદલે તેઓ તમને ચાહે તેવો આગ્રહ રાખવો. આંગણે આવેલ ભિક્ષુક ખાલી હાથે પાછો ફરવો ન જોઈએ. પોતાની ક્ષમતાઅનુસાર કંઈક દાનધર્મ કરવું જ જોઈએ.

એકબીજાને મદદ કરવી એ તો સર્જનહારની આજ્ઞા છે. એમ સમજી એક માણસ નિયમિત દાનધર્મ કરી રહયો હતો. એક દિવસ સાંજના વાળું સમયે આજે કોઈને પણ દાનધર્મ કર્યુ નથી તેવું યાદ આવતા જ ભાણાં પરથી ઊભા થઈ દાનધર્મ કર્યુ ત્યારબાદ જ તેઓ જમવા બેઠા.

૧૫. અતિવ્યય કે કંજૂસાઈ બંને અધર્મછે. કંજૂસની મિલ્કત કિડા ખાય છે. જયારે અતિવ્ય નો આનંદ ધૂમાડાની જેમ વહી જાય છે. કોઈ એક માણસ તેની સંપત્તિ પ્રમાણે લોભ કર્યા વિના ગુજરાન ચલાવતો અને દાનધર્મ પણ કરતો. ક્રમશઃ તેમણી સંપત્તિમાં વધારો થયો જેથી દાનધર્મ માં કંજૂસાઈ કરી તે ધનનો સંગ્રહ કરવા પ્રયાસ કરવા લાગ્યો. સમય જતા તેના પગે ઘારા પડયા અને પુષ્કળ ખર્ચ કરવો

પડયો. એક દિવસ દેવદૂતે તેને દર્શન આપ્યાં અને કહયું – દાનધર્મ વિના જે ધન, પૈસો ભેગો કર્યો તેના પરિણામે આ ખર્ચ ભોગવવાનો વારો આવ્યો. આમ, તારે સમજવું.

૧૬. તમારે ઘણા મિત્રોની જરૂર નથી પરંતુ હજારોમાંથી એકાદને કાળજીપૂર્વક પસંદ કરો. જે ઈશ્વરને પ્રેમ નથી કરતો તે ચોકક્સ તમને પણ પ્રેમ કરી શકશે નહિ. દાવિદ અને યોનાદ બંને એકબીજાને ચાહતા હતા. તેઓને તન– મન– ધનથી પરસ્પર પ્રેમ હતો. મત્યુ સુધી તેઓ ખરેખર એકમેકને ચાહનાર તથા મદદગાર બની રહયાં. તેઓનો પ્રેમ નાનાં – મોટા કારણોમાં પણ ઓછો થયા વિના જરૂરિયાત અને મુશ્કેલી સમયે સુદઢ બની રહયો હતો.

## ન્યાયશીલતા

૧૭. ચોરી કરેલી વસ્તુ તમારા ઘરે થોડી ક્ષણ માટે પણ સંઘરશો નહિ. ચોરી કરેલી સામગ્રી જે ઘરમાં સચવાયેલી હોય તે ઘર બળીને ખાખ થઈ જાય છે. એવું પવિત્ર આત્માનું સૂચન છે. ચોરી કરનારનો સંગ પણ કરશો નહિ કારણ કે આવતીકાલે તમારી વસ્તુ ચોરી કરવામાં તે અચકાશે નહિ ઉપરાંત

તેઓના પાપની પ્રવૃત્તિઓમાં તમે પોતે પણ ભાગીદાર બની જશો.

કોઈ એક પ્રદેશમાં બીજાની વસ્તુઓ અન્યાયના માર્ગે પોતાના કબ્જે લઈ ધનિક બનેલ એક માણસ રહેતો હતો. તે બીમારીને કારણે મરણપથારીએ પડયો ત્યારે પોતાની સંપતિનું વસિયતનામું લખવા માટે શરાફને (વકીલને) બોલાવ્યો અને આ પ્રમાણે વસિયતનામું લખાવ્યું કે – "હું મારો આત્મા શેતાનનેસોંપું છું. પિતાનું આ વાકય સાંભળીને તેનો દીકરાઓ 'બાપુ... શું કહો છો. બાપુ તમે તમારી યાદશકિત ખોઈબેઠા છો કે શું. ના...ના...બાળકો હું સભાન છું અને હું જે કહું તે લખવા દો. બીજાની વસ્તુઓના અપહરણ માટે મારી જાતને પ્રોત્સાહિત કરનાર મારી પત્નીની આત્માને પણ શેતાનનાં હાથમાં મૂકું છું. જે કાંઈ અન્યાયનામાર્ગે ભેગું કર્યું. તે બધા તમારા માટે જ હતું. આથી, મારા બાળકો એવા તમને પણ શેતાનને સોંપું છું. આમ કહેતા તે હતભાગી મત્યુ પામ્યો.

૧૮. મજૂરો અને દાડિયાઓને ન્યાયોચિત મજૂરી આપવી તેની મજૂરી કયારેય મુલતવી રાખવી નહિ કારણ કે એ ઈશ્વરની પાસે પોકારાતું પાપ છે.

ગરીબોની નિંદા કે ટિકા ન કરો. તેઓને કનડગત ન કરો. ઈશ્વર તેની આંખના આંસુ જોઈ ચોકકસ તમને દંડશે.

લુવેઈન શહેરમાં બનેલો એક બનાવ છે. આ શહેરમાં એક જમીનદાર રહેતો હતો. તેની જમીન પર નાની એવી ઝૂંપડી બાંધી એક વિધવા સ્ત્રી પોતાના ચારેક સંતાનો સાથે રહેતી હતી. આ જમીનદાર કોઈને કોઈ કારણોસર તેની નિંદા કરતો અને દુઃખ પહોચાડતો. છેવટે કંટાળીને આ વિધવા સ્ત્રીએ પ્રભુને ગોઠણભર થઈ પ્રાર્થના કરી, "હે પ્રભો, આ અન્યાય અને દુઃખભર્યા સમયમાં મને રક્ષો" તે જ ક્ષણે પેલો જમીનદાર ત્યાંને ત્યાં ઢળી પડયો અને મૃત્યુ પામ્યો.

## ઈશ્વરડર અને પ્રભુભકિત

૧૯. એક પરિવારની સાચી સંપતિ ઈશ્વરડર અને પ્રભુભકિત છે. ઈશ્વરડર હોય એવો ખાનદાન પરિવાર આ લોકમાં તથા પરલોકમાં ઈશ્વરકૃપા અને અનુગ્રહ મેળવે છે. ઈર્ષા, નિંદા કે અસભ્ય સંવાદો ખાનદાની કુટુબમાં વાદળની જેમ આવે છે અને તેની પ્રતિષ્ઠા તથા પ્રકાશને અંધકારમય બનાવે છે. શકય હોય તો દરરોજ પવિત્ર પુજામાં

ભાગ લેવો જોઈએ. કિન્તુ તે શકય ન હોય તો સોમવારે અવસાન પામેલાની આત્માઓ માટે, શુક્રવારે પ્રભુ ઈસુની પીડા સહનના સ્મરણાર્થે તેમજ શનિવારે માતા મરિયમની ભકિત માટે પવિત્ર પૂજામાં ભાગ લેવો જોઈએ. જો એક ઘરના દરેક સભ્યો પવિત્ર પુજામાં જોડાઈ ન શકે તો દરરોજ પરિવારમાંથી એક કે બે સભ્યોએ તો પવિત્ર પૂજામાં ભાગ લેવું ઈચ્છનીય છે. મહિનામાં કોઈ એક વારે પ્રાયશ્ચિત સંસ્કાર કરી પરમપ્રસાદ ગ્રહણ કરવો જોઈએ. મુખ્ય તહેવારોની નવરોજી પ્રાર્થનાઓ, ખાસ કરીને માતા મરિયમના તહેવારની પહેલાનાં દિવસોની પ્રાર્થનાઓ તેમજ માતા મરિયમના તહેવારોની પહેલાના દિવસોની પ્રાથનાઓ તેમજ માતા મરિયમ અને પુણ્ય યોસેફના ભકતી માટે તો દેવળમાં જઈ ભાગ લેવો જોઈએ. સંજોગોવશાત દેવળોમાં ન જઈ શકો તો તે ઘરે આચરવા પ્રયાસ કરવો.

બેસવું, ચાલવું, સૂવું, રમવું વગેરે વ્યવહારોમાં શાલીનતા અને મર્યાદા જેવાં સદચારિત્ર્યને અનુસરવા પ્રયત્ન કરો. શરમીંદી, જુગુપ્સા, લાલચા એ ઈશ્વર અને માનવી સામેના અપમાનજનક વ્યવહારો ગણાય છે. છોકરાઓ

નગ્ન શરીરે અને છોકરીઓ નિર્લજ્જ પરિધાનમાં અભદ્ર કે જુગુપ્સ ચેષ્ટાઓ કરે અને તેની આ વર્તણૂક વડીલો ધ્યાનમાં ન લે તો તેમાંની કેટલીક આત્માઓ નર્કમાં પેસે છે.

ફ્રાન્સ દેશમાં એક બાળક શાલીનતાપૂર્વક જીવન પસાર કરતો હતો. તેપોતે એકલો બેઠો હોય ત્યારે આખું શરીર તદુપરાંત પોતાના હાથને પણ ઢાંકી રાખતો હતો. કિન્તુ એકવાર આ બાળકે સાંભળ્યું કે નર્કમાં નગ્ન શરીરે સૂવું પડે છે. આ જાણતા જ તે ડરનો માર્યો ઉંચા સાદે રડવા લાગ્યો. જુઓ, આ બાળક શાલીનતાની મહત્તાને કેટલી સમજે છે.

## ક્ષમાશીલ

૨૦. બધી જ મુસીબતો અને બીમારીઓને ઈશ્વરેચ્છા સમજી પ્રભુ સમક્ષ પોતાની જાતને સમર્પિત કરો. જે વ્યકિતમાત્ર આનંદમાં જ ક્ષમા આપતો હોય તે નબળી વ્યકિત ગણાય છે. કોઈક ભકતે કહયું છે કે — આ સંસારમાં સર્વો મારી ઈચ્છાનુસાર જ વર્તે છે. કેમ કે હંમેશા ઈશ્વરેચ્છા એ જ મારી ઈચ્છા હોય છે.

સંત અંબ્રોસ એક વખત એક ઘરે પધાર્યા. જયાં તેણે જાણવા મળ્યું કે આ ઘર પર કોઈપણ પ્રકારની

પીડા, દુઃખ કે બીમારીઓ આવી નથી. આ સાંભળી તે સંતે પોતાના શિષ્યોને સૂચન કર્યું કે ક્ષણમાત્રનો વિલંબ કર્યા વિના આપણે આ ઘર છોડવું જોઈએ. કારણ કે આ ઘર પર મહાઆફત આવવાનાં સંકેતો દેખાય રહયા છે. સંત પોતાનાં શિષ્યો સાથે બહાર નીકળતાં જ ક્ષણભરમાં તે ઘર ધરાશાયી થયું અને ઘરના તમામ સભ્યો મરણને શરણ થયા.

## સારા પુસ્તકો

૨૧. ઈશ્વર પર આસ્થા ન હોય તેવા લોકોનાં શાસ્ત્રીય પુસ્તકોનું શિક્ષણ અજ્ઞાની અને ભ્રામિક પુસ્તકો ભણાવવા જેવું છે. ઘરમાં અપશબ્દો, અભદ્ર અને અશ્લીલ પુસ્તકો રાખવા તે ભૂસામાં મૂકાતીઆગ સમાન છે. જ્ઞાનનેપોષનાર, ભક્તિને દઢ બનાવનાર, વિશ્વાસને ઉજાળનાર પુસ્તકોનો સંગ્રહ આવતી પેઢી માટેનો અમૂલ્ય ખજાનો છે. આથી પોતાની ક્ષમતાનુસાર સદપુસ્તકોને ખરીદી ઘરમાં રાખવા જોઈએ. નિરક્ષર એવો એક ભિક્ષુક પોતાને ભીખમાં જે દાન મળતું તેમાંથી મૂલ્યનિષ્ઠ પુસ્તકો ખરીદી વાંચતા આવડતું હોય તેવી વ્યક્તિ પાસે વંચાવતો અને પોતે તે પુસ્તકનું શ્રવણ કરી જીવન પસારકરતો. આ સાથે બીજી વ્યક્તિઓને

પણ આદર્શ જીવન જીવવાનું ઉદાહરણ પૂરું પાડતો.

## પ્રભુભક્તિના અનિવાર્ય દિવસોનું આચરણ

૨૨. દર રવિવારે તેમજ હુકમ પર્વના દિવસોમાં માત્ર પવિત્ર પૂજામાંભાગ લઈ તૃપ્ત ન થાઓ પરંતું તે દિવસનો મોટાં ભાગનો સમય સારાં ઉપદેશ સાંભળવામાં પસાર કરો. આટલું જ નહિ પણ સારાં પુસ્તકોનું વાંચન, દાનધર્મ ક્રિયા, રોગીઓની મુલાકાત અને ખાસ કરીને ગરીબ અસહાય રોગીઓની સેવામાં તમારો સમય ફાળવો. આમ, આ દિવસનો સદ કાર્યમાં ભરપૂર ઉપયોગ કરો.

૨૩. ઈશ્વર પર શ્રધ્ધા અને ઈશ્વરભય હોય તેવા નોકર–ચાકર કે સેવકોને પસંદ કરો. ઘરમાં તેઓની સંખ્યા બને તેટલી ઓછી રાખો તો વધુ સારું. ઘણા બધા એવા ઘરો છે કે જ્યાં નોકરીને કારણે જ શેતાન પોતાની મનમાની મુજબ કામ કરાવે છે. સેવકોનાં વ્યવહાર અને તેના આત્મીય કાર્યો પર નજર રાખવી અને એ માટે જરૂરી વ્યવસ્થા કરવી એ એક ઘરધણી કે માલિકની જવાબદારી છે.

## દિનચર્યા

૨૪. નિયમિત સમયસર શયન અને સમયસર ઊઠવા પર ધ્યાન દોરવું. આમ, ઊઠવા –જાગવા પર નિયમિતતા જાળવવી. સવારના ૬:૦૦ કલાકે બધા ઊઠી જાઓ અને પ્રભાત પ્રાર્થના સાથે કરો. શક્ય હોય તેટલાં સભ્યો પવિત્ર–પૂજામાં ભાગ લો. સવારના ૮:૦૦ કલાકે સાથે મળી અલ્પાહાર કરો. બપોરના ૧૨:૦૦ કલાકે બપોરનું ભોજન લો. સાંજે દૂત સંવાદ પ્રાર્થનાબાદ ઘરનાં તમામ સભ્યો સાથે બેસી પ્રાર્થના કરો. પ્રાર્થના પૂરી થયા પછી અડધો કલાક ધ્યાનમાં બેસો અને સારાં પુસ્તકોનું વાંચન–મનન કરો. ઘરમાં કોઈ મહેમાન કે સમાજના અગ્રણી વ્યકિત હાજર હોય તો પણ તમારો પુણ્યક્રમ છોડશો નહિ કારણ કે તે તમારો અતિથિ તરફનો અને ઈશ્વર તરફનો બોલાવતો સમય છે તમે કોની સાથે રહેશો તેની ઈશ્વર કાળજી લેશે. તેથી આ પુણ્યપ્રવૃતિનું આચરણ કોઈપણ પરિસ્થિતિમાં છોડો નહિ. તમારો આ પુણ્યક્રમ આવનાર વ્યકિત માટે ઉતમ નમૂના રૂપ બની રહેશે. કોઈ તમારી મજાક કરે તો તેને તમારું સૌભાગ્ય ગણજો.

સાંજના ૮:૦૦ કલાકે વાળું બાદ અંતઃકરણને ચકાસો અને રાત્રીની પ્રાર્થના કરી સૂઈ જાઓ. આ દિનચર્યાનું પાલન કરવામાં કુટુંબના મોભી વ્યક્તિએ સંપૂર્ણ જાગ્રત રહેવું જોઈએ. દર રવિવારે અને મહિનાના પ્રથમ દિને આ પારિવારિક ક્રમ સર્વ સમક્ષ વંચાવો જોઈએ.

# વિભાગ ૨
# બાળકોનું ભરણપોષણ

૧. માતા–પિતાઓ તમારા બાળકોનો સારો ઉછેર કરવો એ તમારું અતિ મહત્વનું કાર્ય છે. એમ તમે સમજી લો. ઈશ્વરે સંતાનરૂપે બાળકોને તમારા હાથમાં સાચવવા આપેલી અમૂલ્ય સોગાદ છે. પ્રભુ ઈસુ પોતાના પાવન રકત વડે તેઓને પવિત્ર કરે અને તેના સેવક બનાવે. છેલ્લે અંત્યોષ્ટિના દિવસે પ્રભુ ઈસુ દ્વારા તમારા હાથમાં સોંપાયેલ આ આત્માઓ – આપનાં બાળકો છે. એવી પોતાની ભૂલથી તમારાં બાળકોમાંનો એકાદ નર્કમાં નાશ પામે તો તેમણા મા બાપની મુકિત માટે વિઘ્નરૂપ છે. વડીલો પોતાના બાળકોને કારણે નર્ક વાસ પામે તો અંત્યોષ્ટિમાં બાળકોની કાર્ય પ્રણાલી વિશે વડીલોને પ્રશ્ન પૂછાશે.આથી તમારી વૃધ્ધાવસ્થામાં તમારું સંરક્ષણ અને કાળજી રાખવા તમે તમારા બાળકોને બાળપણથીજ સારા ખ્રિસ્તીય વાતાવરણમાં ઉછેરો. નાનપણમાં બાળકો ઈશ્વર પર પ્રેમ કે ઈશ્વરભયમાં ન ઉછરે તો તેઓ કયારેય માવતરને કે વડીલોને માન – સમ્માન આપશે નહિ. માતા પિતાએ પોતાના બાળકો ઈશ્વરને સમર્પિત કરવા. તેઓને ઈસુ, માતા

મરિયમ અને પિતા જોસેફને સોંપવા. માતા મરિયમની યાચના બાળ ઈશુની યાચના જેમ ઈશ્વર સ્વીકારશે.

૨. બાળકો જયારે સમજદાર બને ત્યારે તેઓને ઈસુ, મરિયમ અને યોસેફ વગેરે પવિત્ર નામોનું રટણકરાવવું, તેની મૂર્તિઓ– ચિત્રોને ચુંબન કરતા શીખવવું. ઈશ્વર પ્રત્યે પ્રેમ તથા આદર વધે તેવું જ્ઞાન આપવું. બાળકો જયારે વાતો કરવા માંડે ત્યારે અમારા પરમ પિતા, પ્રણામ મરિયા, દૂત–સંવાદ તેમજ નાની –નાની પ્રાથ ાઓ શીખવવી. શરીર માટે જેમ પોષક આહાર જરૂરી છે તેમ આત્માના પોષણ માટે ઉપરોકત બાબતોઈચ્છનીય છે.

૩. નાના બાળકોને વસ્ત્રવિહિન નગ્નરૂપે ઘરની અંદર ચાલવા દેવા નહિ. તે બાળક છે કંઈ સમજતું નથી એમ વિચારી તેની આગળ અશોભનીય સંવાદો બોલશો નહી. ગર્ભધારણથી બાળક જન્મે છે આટલું પણ કેટલાક ખ્રિસ્ત દેશોમાં કહેવાતુ નથી. પરંતુ બાળકને તો ઈશ્વરે આકાશમાંથી આપ્યા છે એવું જ કહેવામાં આવે છે.

૪. મા – બાપે ધ્યાનમાં લેવું કે માતા –પિતાએ પોતાના ઓરડામાં પોતાની સાથે સંતાનોને સુવડાવવા નહિ. તેમજ છોકરાં–છોકરીઓને એક જ ઓરડામાં સુવડાવશો નહિ. કારણ કે નાની ઉંમરે બાળકો જે નથી જાણતાં તે શેતાન તેઓને શીખવશે.

૫. નાની ઉંમરમાં બાળકોને વડીલોની નજરથી દૂર મિત્રો સાથેબહાર રમવા મોકલશો નહિ. બાળકોને સાચવતાં સેવકો પર વિશ્વાસ મૂકશો નહિ. કેમ કે મોટા ભાગે આવાં લોકો પણ બાળકોને બગાડતાં હોય છે.

૬. સંતાનો મોટા થાય ત્યારે તેઓને શાળાએ મોકલવા. આ ઉપરાંત તે સારી રીતે અભ્યાસ કરે છે કે નહિ તે જોવું તમારા સંતાનો કેવા મિત્રો સાથે બહાર હરેફરે છે તેની તપાસ રાખવી. દર રવિવારે તેઓએ કેવો અભ્યાસ કર્યો તેની માહિતી લેવી.

૭. બાળકોને સગાવ્હાલાઓને ઘરે રહેવા મોકલશો નહિ કારણ કે કેટલીક વખત તેઓ દેવદૂતની જેમ જાય છે અને શેતાનની જેમ પરત ફરે છે.

૮. સંતાન સાત વર્ષનું થાય ત્યારે તેને પ્રાયશ્ચિત સંસ્કાર માટેની પ્રાર્થનાઓ શીખવાડવી અને પ્રાયશ્ચિત સંસ્કાર લેવડાવવાં. ખાસ તો માતા મરિયમની ભક્તિ તેઓને શીખવાડવી.

૯. બાળકો તરફ વધારે પડતી કડકાઈ કે વધારે પડતી દયા દાખવશો નહિ. અતિ મમતા, વાત્સલ્ય બાળકને અહંકારી બનાવે છે. અતિકોપ અને શિક્ષા તેનામાં નિરાશા, આત્મવિશ્વાસનો અભાવ તેમજ બુધ્ધિખામી પેદા કરે છે. બાળકોને શિક્ષારૂપે મારતા પહેલા તેણે કરેલી ભૂલને સમજદારીપૂર્વક સમજાવો. ક્યારેક તેના ભોજન પર નિયંત્રણ કે તેને જમીન પર ઘૂંટણ ટેકવી રાખી શકાય. જ્યારે પણ બાળકોને સમજાવો કે સુધારો ત્યારે અપશબ્દોનો પ્રયોગ કરશો નહિ. કારણ કે જ્યારે તે મોટા થશે ત્યારે પોતાના બાળકોને પણ કેવી રીતે શીખવવું તે તમારામાંથી જ શીખવશે.

માતાએ પોતાના આચરણથકી પિતાને કેવી રીતે આદર, સમ્માન આપવું તે અને પિતાએ પોતાના આચરણથી માતાને કેવી રીતે સમ્માન, પ્રેમ આપવો તે શીખવવું.માતા–પિતા જો પરસ્પર પ્રેમ અનેઆદર ન રાખે તો બાળકો પણ તેઓને આદર કે સમ્માન આપશેનહિ.

૧૦. નાનપણમાં બાળકોને સાંસારિક વ્યવહારની આ રીત છે એમ કહી તેને જૂઠ બોલતાં, ચતુરાઈ કે ઘમંડ કરતા શીખવશો નહિ. જ્યારે પણ તેણી કોઈ ભૂલ દેખાય કે તરત જ તેને સમજાવો અને

સુધારો. બાળકોને પ્રામાણિક અને ન્યાયિક વ્યવહાર શીખવાડવો.

૧૧. સાંજે સંધ્યાવંદનામાં બધા જ બાળકો ઘરે હાજર રહે અને પ્રાર્થના બાદ માતા—પિતાના હાથને ચુંબન કરી આશીર્વાદ પ્રાપ્ત કરે. બાળક બાર વર્ષનું થાય ત્યારે માવતરે ખૂબ જ ધ્યાન રાખવું કારણ કે તે ઉંમર અતિ મહત્વની છે. તે ઉંમરમાં તેઓને લગ્નપ્રસંગ, જાન, મરણોત્તરવિધિ, તહેવારો વગેરેમાં મોકલવાને બદલે ઘરે રાખી ઉંમર મુજબ વ્યવસાયિક અભ્યાસ કરાવવો. છોકરીઓને પર્વ પ્રસંગોપાત મોકલવી કે બીજા સાથે મૈત્રીબાંધવા મોકલવી એ નર્કમાંથી આવતા શેતાનનું ચાલકબળ ગણાય છે.

૧૨. પરિવારની ખાનદાની, પ્રભુતા, સંપત્તિ, કીર્તિ, પ્રતિષ્ઠામાં બાળાઓ જૂઠાં અભિમાનને પોષવા માટે તેને મોંઘાદાટ કપડાં કે કિંમતી ઘરેણા વગેરે પહેરાવવા એ ઘણી આત્માઓને નર્ક તરફ ધકેલે છે. એક દીકરીનું સાચું આભૂષણ તો ખરેખર તેનામાં રહેલી નિમર્ળતા, ભકિત, વિનમ્રતા અને સભ્ય આચરણ છે.

૧૩. બાળકોને લઈ મા–બાપ વચ્ચે ઝઘડો ન થવો જોઈએ. પોતાના બાળકને બીજાએ અપમાનિત કર્યો અને બીજા બાળકો સાથે ઝઘડો થયો. આવી બાબતોમાં માવતરે માપણી અંગે બોલાચાલી થવાની સંભાવના રહે છે. જેના જવાબદાર પણ મા–બાપ બને છે. બાળકો તમે તમારા મા–બાપને માન આપજો. તેઓના મનને કોઈપણ સંજોગોમાં દુઃખી કરશો નહિ. માવતરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારને આ લોક કે પરલોકમાં ઈશ્વરનાં કોપનું કારણ બનવું પડે છે એ યાદ રાખજો.ઝઘડવું એ બાળ ક જેવું જ અણસમજભર્યુ વર્તન કહેવાય.

૧૪. બાળક જયારે પરિપકવ બને અને તેનું ભવિષ્ય નકકી કરવાનું થાય ત્યારે તેઓને પૂરેપૂરી સ્વતંત્રતા આપવી કેમ કે તેનું ભાવિ જીવન નકકી કરવું એ ઈશ્વરની પ્રેરણાા અને બાળકની પોતાની જવાબદારી છે, માતાપિતાની નથી. પરંતુ આ ભૂલને કારણે જ અસંખ્ય મા–બાપ અને બાળકો નર્કે ગયા છે. તેથી છોકરાના સોળ વર્ષે અને છોકરીના ચૌદ કે સોળ વર્ષની ઉમરે લગ્ન કરી દેવા જોઈએ. લગ્ન માટે તેઓની સંમતિ જાણવી આવશ્યક છે. સંબંધીઓની સંપત્તિ, ખાનદાની કરતાં સદાચાર અને સદગુણોને વધારે પ્રધાન્ય

આપવું જોઈએ, નહિતર તો બાળક તથા મા–બાપને આનંદના બદલે વધારે દુ:ખની લાગણી અનુભવાશે.

૧૫. બાળક પરિપકવ હોય, બુધ્ધિમાન હોય કે કાર્યકુશળ હોય તો પણ તેઓની આગળ માવતરે પોતાની ત્રુટિઓ, ખામીઓ કે કમજોરીઓ વ્યકત કરવી નહિ. કેટલાક અંશે ઘરનો કારોભાર પણ તેઓને સોંપવો નહિ. કારણ કે આ બાબતે ઘણા મા–બાપ દુ:ખી થયેલ છે.

૧૬. માતા–પિતાએ મૃત્યુ પહેલા સંતાનોને જુદાં – જુદાં ઘર વસાવી દેવાં. વૃધ્ધાવસ્થામાં પ્રવેશતા જ જમીન, મિલ્કતના ભાગ કરી દેવા જોઈએ. નહિતર આ બાબતે ઘણીવાર સંતાનો વચ્ચે ઝઘડાઓ તેમજ જમીન.

બિનખ્રિસ્ત એવા જાપાન દેશમાં એક માતાને સંતાનમાં ત્રણ પુત્રો હતા.તેઓ ખૂબ જ ગરીબ હોવાથી પોતાની માને સાચવી શકતાં ન હતાં.આ દેશમાં ચોરોને ફાંસી આપવાનો એક રિવાજ હતો અને જે લોકો ચોરને પકડી લાવતા તેને ઘણું મોટું ઈનામ આપવામાં આવતું. આથી આ ત્રણેય ભાઈઓમાંથી એક ચોરબનવાનું નાટક કર્યુ અને બીજા બે ભાઈઓ તેને પકડી સરકાર પાસે લઈ

ગયા. સરકારે તેણેઈનામ પેટે મોટી રકમ આપી. ત્યારપછી બંને ભાઈઓ ચોર બનેલ ભાઈ પાસે જઈ પોતાની મા માટે મૃત્યુની સજામાં ધીરજ રાખવા સલાહ આપતા અતિ ભાવુક બની વિદાય લીધી. જેલ અધિકારી લાગણીભર્યો આ બનાવ જુએ છે. ચોરપ્રત્યે તેઓની આટલી લાગણી અને સહાનુભૂતિ કેમ? તેની તપાસ કરતા જાણવા મળે છે કે આ ચોર નથી પરંતુ મા પ્રત્યેના પ્રેમને કારણે મરવા તૈયાર થયેલ છે. આ ઘટનાની જાણ રાજાને કરાતાં તેને છોડી મૂકવામાં આવ્યો. આ ઉપરાંત માંના મૃત્યુ સુધી જીવનનિર્વાહની વ્યવસ્થા રાજાએ કરી. બાળકો આ પ્રસંગ તમે હંમેશા યાદ રાખજો.

આપનો વિશ્વાસુ

પવિત્ર પરિવારના ફાધર કુરિયાકોસ ઈલિયાસ ચાવરા મન્નાનમ અને ટી.ઓ.સી.ડી. તથા અન્ય આશ્રમોના પ્રિયોર

૧૩ ફેબ્રુઆરી ૧૮૬૮

# સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરાનું સંક્ષિપ્ત જીવનદર્શન

સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરાનો જન્મ ૧૦મી ફેબ્રુઆરી ઈ.સ.૧૮૦૫ નાં રોજ કેરલનાં કૈનકરી ગામમાં ચાવરા કુટુંબને ત્યાં થયો હતો. ઈ.સ. ૧૮૧૫ માં પ્રાથમિક શિક્ષણ બાદ ચેરથ્થલા ગામમાં પલ્લિપ્પુરમ સેમિનરીનાં સંચાલક ધર્મગુરુ થોમસ પાલ્લકકલની દેખરેખ હેઠળ પુરોહિત દિક્ષાની તાલીમ માટે અભ્યાસકર્યો. તેઓએ ઈ.સ.૧૮૨૭માં સબડાયકનેટ અને ઈ.સ.૧૮૨૮ માં ડાયકનેટ સ્વીકાર કર્યુ.બાર વર્ષનાં અભ્યાસને અંતે ૨૯મી નવેમ્બર ઈ.સ. ૧૮૨૯ માં આરતુંગલ દેવળમાં દિક્ષા આપવામાં આવી.—"પ્રભુ, હું જે કંઈ મારું ગણું તે એકમાત્ર તમે જ છો." આ હતો તેમનો જીવનમંત્ર જે તેમણે સહર્ષ સ્વીકાર કર્યો હતો.

નાનપણમાં જ એમની માતાએ એમનામાં ઉત્તમ ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યુ. જેને કારણે ઈશ્વરની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરીદેવાની ભાવના સહજ રીતે જાગી. પુરોહિત દિક્ષાબાદ ધર્મગુરુ થોમસ પોરુકકરા અને ધર્મગુરુ થોમસ પાલકકલે સંત કુરિયાકોસ સાથે રહી અનેક મુશ્કેલીઓનો સામનો કરી માન્નાનમખાતે ૧૧મી મે ઈ.સ.૧૮૩૧નારોજ સન્યાસ આશ્રમનો પાયો નાખવાનો કામ સફળતાપૂર્વક કામ પાર પાડયું. જેમાં

બ્રધર કનિયાન્તરા યાકોબ પણજોડાયા. સાંસારિક જીવનથી અલિપ્ત એકાંત જીવન પસાર કરવા માટે માન્નાનમ ખાતે 'બેસુરઉમા' અર્થાત 'પર્વત ઉપરનું ઘર' ભવનની સ્થાપના કરી. જે ભવન આગળ 'એમલોલભવદાસ સંઘ' નામે વિકાસ પામ્યું અને સન્યાસી પુરોહિતોના સંઘની શરૂઆત થઈ. આ ભારતની પ્રથમ સંન્યસ્ત સમાજ સી.એમ.આઈ. સંઘની શુભ શરૂઆત હતી.

ધર્મગુરુ પાલાકકલનું ઈ.સ.૧૮૪૧માં અવસાન થયું અને ધર્મગુરુ પોરુકકરાનું ઈ.સ.૧૮૪૬માં અવસાન થયું. ધર્મગુરુ કુરિયાક્રોસ સંન્યાસી સંઘના ઉપરીપદે ચાલુ રહયાં. કેરલની ધર્મસભાને કંપાવનાર રોકોસની પાખંડી નીતિ સામે સીરો–મલબાર ધર્મસભાનેમુકત કરવા હેતુ ઈ.સ.૧૮૬૧માં મહાધર્માધ્યક્ષ બનાડીએ ધર્મ ગુરુકુરિયાકોસને સીરો–મલબાર ઈસુપંથીઓનાં સર્વોચ્ચ ઉપરી તરીકે નિમ્યા. ત્યારબાદ લાંબો સમય ચાલેલી આ લડતમાં ધર્મગુરુ કુરિયાકોસે સક્રિય ભાગ ભજવ્યો. ભાગલાં સામેની સતત લડત અને તેમાં મેળ વેલ ભવ્ય વિજય એ ધર્મગુરુ કુરિયાકોસની મહાન સિધ્ધિ છે.

ઈ.સ.૧૮૩૧થી ધર્મગુરુ કુરિયાકોસે આધ્યાત્મિક અને સામાજિક સુધારણાનાં કાર્યોની શરૂઆત કરી. જેમાં

મુખ્ય મન્નાનમ ખાતે સંસ્કૃત નિશાળ, છાપખાનાની શરૂઆત, આરાધના–પૂજાક્રમનું નવીનીકરણ,દેવળોમાં રવિવારે પૂજા અને પૂજા વચ્ચે પ્રવચન, લોકોની આત્મિક ઉન્નતિ માટે ઘ્યાન સાધના, ધર્મશિક્ષણ, શિક્ષણ તેમજ શુભસંદેશ પ્રચારના તમામ પાસાંઓ તરફ તેમનું સવિશેષ ઘ્યાન ખેંચાયું. ઈ.સ.૧૮૬૬માં ભારતની સ્વદેશી બહેનો માટે પ્રથમ સાધ્વી સંઘની સ્થાપના સફળ તાપૂર્વક કરી.

ધર્મગુરુ કુરિયાકોસે પોતાની જીંદગીના છેલ્લા સાત વર્ષકિરલના કૂનમ્માવમાં રહયા ત્યાં ૩ જી, જાન્યુઆરી ઈ.સ.૧૮૭૧ના રોજ અવસાન પામ્યા. તેઓને કૂનમ્મા વખાતેની સંત ફિલોમિનાના દેવળમાં દફનાવવામાં આવ્યા. ત્યારબાદ ઈ.સ.૧૮૮૯માં તેમનાં પાવન અવશેષોને માન્નાનમખાતે સંઘના માતૃગૃહમાં ખસેડવામાં આપ્યા.

તેઓ પોતાનાં જીવનકાળમાં ત્યાગોજજવલ અને પાવનજીવનથી સંત ગણાતા હતા અને મૃત્યુબાદ ધર્મગુરુ કુરિયાકોસ અનેક લોકો માટેનું આશ્રયકેન્દ્ર બની ગયા હતા. તેમની મઘ્યસ્થતાથી અનેક લોકોને અનુગ્રહ પ્રાપ્ત થયો. ભારતના પ્રથમ સંત અલફોન્ઝા પોતાની બીમારીથી પીડાતા ધર્મગુરુ કુરિયાકોસની પ્રાર્થનાની મઘ્યસ્થતાથી

સાજાં થયા હતા. આ અંગેનું સંત અલફોન્ઝાનું પોતાનું હસ્તલિપિ લખાણ પ્રાપ્ત થયેલું છે.

ધર્મગુરુ કુરિયાકોસને સંત ઘોષિત કરવાની પ્રક્રિયા ઈ.સ.૧૯૫૬ થી થઈ. જે ૮મી ફેબ્રુઆરીઈ.સ.૧૯૮૬માં કેરલ ખાતેના કોટ્ટયમમાં પોપ જોન પોલ બીજા દ્વારા ધર્મગુરુ કુરિયાકોસને 'ધન્ય' ઘોષિત ર્ક્યા. તથા ૨૩મી નવેમ્બર ઈ.સ.૨૦૧૪ના રોજ પોપ ફ્રાન્સીસે 'પુનિત' કુરિયાકોસ ઈલિયાસને રોમખાતેનાં એક ભવ્ય સમારોહમાં 'સંત' જાહેર ર્ક્યા. માન્નાનમનાં સંત યોસેફ દેવળમાં મુખ્ય વેદીઆગળ સંત કુરિયાકોસ ઈલિયાસના પાર્થિવ અવશેષો રખાયેલા છે.

# સંત કુરિયાકોસને પરિવાર માટેની મધ્યસ્થી પ્રાર્થના

હે પ્રભુ પરમેશ્વર, પિતા, પુત્ર અને પવિત્ર આત્મા, પ્રભુભકિતમાં અભિવૃધ્ધિ થવા અને તમારો મહિમા વધારવાના અનુકરણરૂપે સંત કુરિયાકોસને આપવા બદલ અમે તમારો આભાર માનીએ છીએ.

પવિત્ર પરિવારના ભકત સંત કુરિયાકોસ અમારા પરિવાર માટે તમે પ્રાર્થના કરો કે અમારા પરિવારમાં શાંતિ, પ્રેમ, એકતા અને સમૃધ્ધિ સદા રહો તથા ઈશ્વર પરનો અમારો વિશ્વાસ દઢ બનાવો. પ્રભુભકિતમાં આગળ ધપવા અમને સહાય કરો. અમારા જીવનના કષ્ટો – સંકટોને પાર કરવાની શકિત પ્રદાન કરો. હરહંમેશા ફકત ઈશ્વરની ઈચ્છાનુસાર જીવવા તથા હંમેશા ઈશ્વરના સંરક્ષણમાં સમર્પિત રહેતા અમને શીખવાડો.

અમારા પરિવારના દરેક સભ્યોની તમામ જરૂરિયાતો ઈશ્વર આગળ સમર્પિત કરીને તેમની કૃપા અમારા પર વરસાવો. અમારા પરિવારના બાળકો પુરોહિત દિક્ષા માટે તથા સંન્યસ્ત જીવન માટે ઈશ્વરની હાકલ સ્વીકારે.

આપની સહાય તથા અનુગ્રહ માટે અમે તમારી પાસે યાચના કરીએ છીએ. અમારી આ પ્રાર્થના પ્રભુ ઈસુદ્વારા પિતા પરમેશ્વરને સમર્પિત કરી પૂરી કરજો.

આમેન

૧ પરમપિતા. ૧ પ્રણામ મરિયા. ૧ ત્રિત્વ સ્તુતી.

# સંત કુરિયાકોસ ઈલિયાસના
# જીવનનાં મુખ્ય પ્રસંગો અને પથદર્શક સેવાઓ

| | |
|---|---|
| ૧૦/૦૨/૧૮૦૫ | કેરલ ,કૈનકરીમાં જન્મ |
| ૧૮/૦૨/૧૮૦૫ | ચેન્નકરીમાં સ્નાન સંસ્કાર |
| ૦૮/૦૯/૧૮૦૫ | વેચ્ચૂદેવળમાં માતા મરિયમના સેવકરૂપે સમર્પણ |
| ૧૮૧૦ થી ૧૮૧૫ | પ્રાથમિક શિક્ષણનો આરંભ |
| ૧૮૧૮ | પલ્લિપ્પુરમ સેમિનરીમાં પ્રવેશ |
| ૨૯/૦૧/૧૮૨૯ | અરતુન્કલ દેવળમાં પુરોહિત દિક્ષા |
| ૧૧/૦૫/૧૮૩૧ | ભારતનીપ્રથમ સ્વદેશી સંન્યાસી સંઘની સ્થાપના |
| ૧૮૩૧ | રવિવારની પરમપૂજા દરમિયાન ધર્મોપદેશ તેમજ ધર્મગુરુઓ અને ધર્મજનો માટે સાધનાની શરૂઆત |
| ૧૮૩૩ | માન્નાનમ ખાતે સીરો–મલબાર ખ્રિસ્તીઓ માટે પ્રથમ સેમિનરીની સ્થાપના |

| | |
|---|---|
| ૧૮૩૮ | કેરલમાં ક્રુસના માર્ગની ભકિતની શરૂઆત |
| ૧૮૪૪ | સીરો–મલબારની ધર્મસભામાં ધાર્મિક વિષયોના આચાર્ય તથા પરીક્ષકના રૂપમાં નિયુકત |
| ૧૮૪૬ | કેરલમાં માન્નાનમખાતે સીરો – મલબાર ધર્મસભાના પ્રથમ છાપખાનાની શરૂઆત |
| ૧૮૪૬ | માન્નાનમમાં ધર્મસભાની પ્રથમ સંસ્કૃત શાળ ાની સ્થાપના |
| ૧૮૫૩ | માન્નાનમખાતે સીરો–મલબાર ધર્મસભાની પ્રથમ વિશ્વાસ પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના |
| ૦૮/૧૨/૧૮૫૫ | ભારતની ધર્મસભાના પ્રથમ સંન્યાસવ્રત સમર્પણ કરતા પુરોહિત |
| ૧૮૫૭ | પ્રભુ ઈસુના જન્મ પર આધારિત દસ "ઐકલોગ" (નાની એકાંકીઓ) લખીને કૂનમ્માવખાતે તેનું અવતરણ |

| | |
|---|---|
| ૦૮/૦૬/૧૮૬૧ | કેરલની ધર્મસભામાં અર્ચ ડિકન સમય પછીના પ્રથમ વિકાર જનરલ |
| ૧૮૬૧ | રોકોસની પાખંડનીતિનાં ઉન્મૂલન માટે પ્રયાસ |
| ૧૮૬૨ | કેરલનું પ્રથમ ખંડકાવ્ય 'અનસ્તાસિયાની શહીદી' ની રચના |
| ૧૮૬૪ | દેવળ સાથે નિશાળ નો આદેશ |
| ૧૮૬૨ થી ૧૮૬૯ | સીરો મલબાર ધર્મસભામાં આરાધના ક્રમ, ઉપાસના વિધિ,આરાધનાક્રમ કેલેન્ડર,મૃતકોમાટેની પ્રાર્થનાઓ,માતા મરિયમની ભક્તિ વગેરે પુસ્તકોનું નવીનીકરણ |
| ૧૩/૦૨/૧૮૬૬ | કેરલના કૂનમ્માવમાં ધર્મગુરુ લેયોપોલદની સાથે મહિલાઓ માટે પ્રથમ સંન્યસ્ત સંઘની સ્થાપના |
| ૧૫/૦૨/૧૮૬૬ | કેરલમાં પવિત્ર પરમ પ્રસાદની 'ચાલીસ કલાક' ભક્તિનો પ્રારંભ |

| | |
|---|---|
| ૦૨/૦૧/૧૮૬૮ | કૂનમ્માવમાં કન્યાઓ માટેની નિશાળ અને કન્યા છાત્રાલય ધર્મગુરુ લેયોપોલદના સહયોગ દ્વારા શુભ શરૂઆત |
| ૧૩/૦૨/૧૮૬૮ | ખ્રિસ્તી પરિવાર માટે "એક પ્રેમાળ પિતાનું વસિયતનામું" નામનો પરિપત્ર |
| ૧૮૬૯ | કેરલના કૈનકરીમાં 'ઉપવીશાલા' નામે વૃધ્ધો અને તરછોડાયેલા લોકો માટે અનાથાશ્રમની સ્થાપના |
| ૧૮૬૯ | ધર્મજનો માટેનું પ્રથમ સંગઠન—સારા મુત્યુ માટે સંત જોસેફના ભાર્તસંઘની સ્થાપના |
| ૧૮૬૯ | જેકોબાઈટ ખ્રિસ્તીઓના પુનઃ મિલનના પ્રયાસોની શરૂઆત |
| | આશ્રમો – પુરુષો અને સ્ત્રીઓ: |
| ૧૮૩૧ | સંત યોસેફ આશ્રમ, માન્નાનમ |

| | |
|---|---|
| ૧૮૫૭ | સંત યોસેફ આશ્રમ, એલથુરુથ્થ |
| ૧૮૫૯ | કારમલ  આશ્રમ,વાઝકૂલમ |
| ૧૮૬૧ | સંત સેબાસ્ટન આશ્રમ, પુલીન્કૂન્ન |
| ૧૮૬૬ | સંત ટેરેસા આશ્રમ,કૂનમ્માવ |
| ૧૮૬૮ | સંત ત્રેસિયા આશ્રમ, અમ્પઝકાડ |
| ૧૮૭૦ | સંત યોહાન ક્રૂસ આશ્રમ, મુથ્થોલી |
| ૦૩/૦૧/૧૮૭૧ | કૂનમ્માવમાં સંત જોસેફ આશ્રમમાં મૃત્યુ |
| ૦૪/૦૧/૧૮૭૧ | કૂનમ્માવમાં સંત ફિલોમિના ચર્ચમાં અંતિમ સંસ્કાર |
| ૨૪/૦૫/૧૮૮૯ | કૂનમ્માવથી પાર્થિવ અવશેષોને માન્નાનમમાં સ્થળાંતર |
| ૨૧/૧૨/૧૯૩૬ | સંત ઘોષિત કરવા માટેની પ્રક્રિયાનો પ્રારંભ કરવા સંન્યસ્ત સંઘનો નિર્ણય |
| ૦૯/૧૨/૧૯૫૫ | પ્રક્રિયાની શરૂઆત માટે રોમથી પરવાનગી |

| | |
|---|---|
| ૦૩/૦૧/૧૯૫૮ | **માન્નાનમમાં 'ઈશ્વરનાં' સેવક તરીકે** |
| ૦૭/૦૪/૧૯૮૪ | **રોમમાં 'ધન્ય' કુરિયાકોસ તરીકે** |
| ૦૮/૦૨/૧૯૮૬ | **કોટયમમાં 'પુનિત' કુરિયાકોસ તરીકે ઘોષિત** |
| ૨૦/૧૨/૧૯૮૭ | **સમાજ સેવાના આદરરૂપે ભારત સરકાર દ્વારા ટપાલ ટિકિટના પ્રકાશન** |
| ૨૩/૧૧/૨૦૧૪ | **રોમ આતે પોપ ફ્રાન્સિસ દ્વારા'સંત' ઘોષિત** |

માહિતી માટેઃ

**Chavara Central Secretariat**
Chavara Hills, Kakkanad, Post Box 3105
Kochi 682 030 Kerala, India

Phone: +91 484 2881802

**www.chavaralibrary.in**

# એક પ્રેમાળ પિતાનું વસિયતનામું
## સંત કુરિયાકોસ ઈલિયાસ ચાવરા

**ઈશ્વરના સંતાનોનાં કૌટુંબિક પાયાને મજબૂત બનાવવા માટે ઈ.સ.૧૮૬૮માં સંતકુરિયાકોસે આપેલાં 'મેગના કારટા (Magna Carta) એ 'પ્રેમાળ પિતાનું વસિયતનામું' છે.**

આપણાં પૂર્વ પિતા એવા સંત કુરિયાકોસની ઈશ્વર પરની શ્રદ્ધા તથા અટલ વિશ્વાસથી આ 'મેગના કારટા'કુટુંબોનાં નવીનીકરણ અને બાળકોનાં પાલન માટેના માર્ગદર્શિકા છે.

મહા ધર્માધ્યક્ષ કારડિનલ જ્યોર્જ આલનચેરી
મેજર આર્ચબિશપ

ખ્રિસ્તી પરિવારનાં નિર્વાહ અને નવીનીકરણ માટેનો કાર્યક્રમ છે — 'એક પ્રેમાળપિતાન વસિયતનામું.' પ્રામાણિક,અધિકૃત એવા આ માર્ગદર્શિકા કુટુંબોનાં નવીનીકરણ માટે ઓગણીસમી સદીના અર્ધભાગમાં આવતા હોવા છતાં તે આધુનિક સમાજમાં પણ સુસંગત છે.

ફાધર પોલ અચ્ચાન્ડી સી.એમ.આઈ.
પ્રિયોર જેનરાલ

સંત કુરિયાકોસ એલિયાસે સ્ત્રીસશક્તિકરણ દ્વારા કુટુંબોમાં નવીનીકરણ સાધ્યું.ભવિષ્યવેત્તાની જેમ આજે પણ (ચાવરુળ) 'એક પ્રેમાળ પિતાનું વસિયતનામું' દ્વારા કેવી રીતે પરિવારોનાં બાળકોનું ભરણપોષણ અને ઉછેર કરી તેમના પાલનહાર બનવું એ અંગેનું માર્ગદર્શન આપતા માર્ગદર્શિકા છે.

મધર સીબી સી.એમ.સી.
મધર જેનરાલ

---

**Chavara Central Secretariat**
Chavara Hills, Kakkanad, Post Box 3105
Kochi 682 030 Kerala, India